ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયોની માર્ગદર્શક
સૂચનાઓમાં સુધારો કરવા અંગે

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક-છતલ-૧૦૧૬-૭૯૩૬૮૬-ગ
સચિવાલય,ગાંધીનગર
તારીખ: ૧૦/૧/૨૦૧૭

વંચાણે લીધા :-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ના તા.૦૭/૦૮/૨૦૦૦ના ઠરાવ ક્રમાંક/પરચ/૧૫૯૯/૧૪૯૪/ગ

(૨) નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણના તા. ૨૯/૧૨/૨૦૧૬ ના પત્ર ક્રમાંક -અજાક-ગ-છતલ- ૪૭૩૧-૨૦૧૬

સુધારા ઠરાવ :-

ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ-૧ પરના આ વિભાગના તા.૦૭-૦૮-૨૦૦૦ ના ઠરાવથી ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ પાસેથી અરજી ફી લેવા અંગે (આશ્રમશાળા/છાત્રાલય) ફી નું ધોરણ નકકી રાખવામાં આવેલ હતું. જેના અનુંસંધાને વંચાણે લીધેલ ક્રમ-૨ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા. ૨૯/૧૨/૨૦૧૬ ના પત્રથી ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયો માટે ઉકત ઠરાવથી ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ પાસેથી અરજી ફી લેવા અંગેના ઠરાવમાં માર્ગદર્શક સૂચનાઓમાં સુધારો કરવા અંગે ની દરખાસ્ત કરેલ છે. પ્રસ્તુત દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયોની માર્ગદર્શક સૂચનાઓમાં નીચે મુજબ નો આથી સુધારો કરવામાં આવે છે.

(૧) ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયો ફાળવવા માટે નવા છાત્રાલય માટે અરજી કરનાર સંસ્થાએ આર્થિક સધ્ધરતા અંગેનું રૂ.૫૦૦૦./- ( અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નું બેંક બેલેન્સ સર્ટીફીકેટ રજુ કરવા ઠરાવેલ છે જેમાં સુધારો કરી હવે પછી રૂ.૨,૦૦,૦૦૦/- ( અંકે રૂપિયા બે લાખ પુરા)નું બેંક બેલેન્સનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે, તેમ ઠરાવવામાં આવે છે.

(૨) છાત્રાલયની અરજીની પ્રોસેસ ફી રૂ.૫૦/-(અંકે રૂપિયા પચાસ પુરા) જમા કરાવવાના ધોરણો હતા. જેમાં સુધારો કરી હવે પછી રૂ. ૫૦૦/-(અંકે રૂપિયા પાંચસો પુરા) અરજી પ્રોસેસ ફી નિયત કરવામાં આવે છે.

અન્ય બાબતો ઉપર્યુકત તા.૦૭-૦૮-૨૦૦૦ ના ઠરાવની યથાવત રહેશે.

આ સુધારા ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર માન. મંત્રીશ્રી (સા.ન્યા) ની તા.૦૬/૦૧/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ.બી.ઠાકોર )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ ,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
નકલ રવાના:-
માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય ,ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
નિવાસી ઓડીટ અધિકારીશ્રી,ગાંધીનગર
તમામ જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ ,મારફત)
સર્વે નાયબ નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ ની કચેરીઓ (નિયામકશ્રી,અજાક,મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) (નિયામકશ્રી,અજાક મારફત)
સેક્શન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ (સા.ન્યા) વિભાગની વેબ સાઇટ પર મુકવા વિનંતી
સિલેક્ટ ફાઇલ